| GJJN070007162023 | | રજુ તારીખ : | 04 | 05 | 2023 |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ : | 04 | 05 | 2023 |
| | | ફેસલ તારીખ : | 29 | 06 | 2026 |
| | સત્યમેવ જયતે | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 03 | 01 | 25 |
| | | આંક : | | | |

**–:: નમૂનો–અ ::–**

## મહે. જૂનાગઢના ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટ, જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ.

**ચુકાદાની તા. ૨૯/૦૬/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.૫૨૩/૨૦૨૩**

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ઈ.પી.કો. કલમ–૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબ |
| પ્ર. માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૨૦૩૦૦૫૨૩૦૦૨૮/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ મરીન પોલીસસ્ટેશન |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકારશ્રી |
| ફરિયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી | વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી |
| આરોપી પક્ષ | ૧. રતીલાલ ઉર્ફે જાડો ધનજીભાઈ હોદાર, ઉ.વ.૪૨, ધંધો–માછીમારી<br>૨. પ્રકાશ ઉર્ફે પ્રવીણ ધનજીભાઈ હોદાર, ઉ.વ.૩૫, ધંધો–માછીમારી, બન્ને રહે. માંગરોળ બંદર, રામ મંદિર પાસે, તા. માંગરોળ, જિ. જૂનાગઢ |
| રજુઆત | વિ.વ.શ્રી આર.કે.ડાકી |

**:: નમુનો–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧–૦૨–૨૦૨૩ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૨–૦૨–૨૦૨૩ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૫–૦૩–૨૦૨૩ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૨૩–૦૮–૨૦૨૩ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૨૨–૦૬–૨૦૨૬ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૨૯–૦૬–૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૨૯–૦૬–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**:: <u>આરોપીની વિગત</u> ::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રતીલાલ ઉર્ફે જાડો ધનજીભાઈ હોદાર, | ૨/૨/૨૩ | ૩/૨/૨૩ | આઈ.પી.સી. કલમ–૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબ | નિર્દોષ | | |
| ૨. | પ્રકાશ ઉર્ફે પ્રવીણ ધનજીભાઈ હોદાર | ૨/૨/૨૩ | ૩/૨/૨૩ | '' | '' | | |

**–: <u>નમુનો–ક</u> :–**

**<u>:: સાહેદો નુ લીસ્ટ::</u>**

**અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :**

| ક્રમ | નામ | આંક | પ્રકાર |
|---|---|---|---|
| ૧. | પ્રિન્સ નારણભાઈ ભાદ્રેચાની જુબાની | ૦૯ | ફરિયાદી |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–૧૦ | અસલ ફરિયાદ. |
| ૨. | આંક–૧૧ | બનાવવાળી જગ્યાનું પંચનામુ. |
| ૩. | આંક–૧૨ | ફરિયાદી પ્રિન્સ નારણભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૪. | આંક–૧૩ | કલોઝીંગ પુરસીસ |

**બ. બચાવ પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | ……… | ……… |
| બ.સ.૧ | ……… | ……… |

**ક. ન્યાયાલય પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | ……… | ……… |
| ન્યા.સ.૧ | ……… | ……… |

**ડ. ભૌતિક પદાર્થ :**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | …….. | ……… |
| ૨. | …….. | ……… |

## -: ચૂકાદો :-

(૧) આ કામનાં ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૦૧/૦૨/૨૦૨૩ના કલાક–૨૧:૩૦ ના અરસામાં આ કામના ફરિયાદીને હોડી (પિલાણું) મુકવા બાબતે જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, ફરિયાદીને શરીરે ઢીકકા પાટુનો માર મારી, મુંઢ ઈજાઓ કરી, એકબીજાની મદદગારી કરી, ગુન્હો કરેલ હોવાની ફરિયાદીની ફરિયાદ નોંધી, સદરહુ ગુના મુજબનો ગુનો રજીસ્ટર કરી, આ કામના ત.ક.અ.શ્રીને તપાસ સોંપતા, તેઓએ પુરતી તપાસ કરી, આરોપીઓ વિરુધ્ધ પુરાવો પડતાં, હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીઓને સમન્સની બજવણી થતાં, અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિ. પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પૂરી પાડયાની ખાતરી કર્યા બાદ, આ કામનાં આરોપીઓની આંક–૦૩ થી ૦૪ સુધીની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષે નમુના 'ક' મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદર કામે ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો આવતો ન હોય આરોપીઓનુ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.કે.ડાકીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

:: મુદ્દા ::

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૦૧/૦૨/૨૦૨૩ના કલાક–૨૧:૩૦ ના અરસામાં આ કામના ફરિયાદીને હોડી (પિલાણું) મુકવા બાબતે જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, ફરિયાદીને શરીરે ઢીકકા પાટુનો માર મારી, મુંઢ ઈજાઓ કરી, એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

–: નિર્ણય માટેના કારણો :–

(૮) મુદ્દા નંબર ૧ :–

(૮.૧)ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૦ થી ફરિયાદી પ્રિન્સ નારણભાઈ ભાદ્રેચાને સોગંદ પર તપાસેલા છે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હાલનો બનાવ આજથી ત્રણ વર્ષ પહેલાં બનેલ. બનાવ સમયે પીલાણું બાંધવા બાબતે આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલ વિશેષ કાંઈ બનેલ નહીં. બનાવ સમયે માણસો ભેગા થઈ જતા, ધકકા મુકીમાં પડી જતા તેમને ઈજા થયેલ, જેની તેમણે હોસ્પિટલમાં સારવાર લીધેલ.

આરોપી સાથે હાલ તેઓને કોઈ મનદુ:ખ કે મતભેદ નથી. આ બનાવની તેમણે પોલીસમાં ફરિયાદ આપેલી. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે, જે ફરિયાદને રજૂ દાખલ આંક–૧૦ આપવામાં આવેલ છે. આરોપીઓને જોઈને ઓળખી શકે, આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે, તે જ છે. સદર ફરીયાદી તેમની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી, વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

સદર ફરિયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને સતત માણસોની અવરજવર ચાલુ રહે છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલ, બીજું કશું બનેલ નહીં. માણસો ભેગા થતા, ધકકામુકીમાં પડી જવાથી તેમને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓએ તેમને ગાળો આપેલ નથી કે માર મારી ઈજા કરેલ નથી. દવાખાને સારવાર લીધા સિવાય તેમને ડોકટર સાથે અન્ય કોઈ વાતચીત થયેલ નથી. પોલીસે ફકત તેમનું નામ, સરનામું પૂછેલ, તે સિવાય બીજું કશું પૂછેલ નથી.

(૯) આમ, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામનાં ફરિયાદીએ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને સતત માણસોની અવરજવર ચાલુ રહે છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલ, બીજું કશું બનેલ નહીં. માણસો ભેગા થતા, ધકા મુકીમાં પડી જવાથી તેમને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓએ તેમને ગાળો આપેલ નથી કે માર મારી ઈજા કરેલ નથી. દવાખાને સારવાર લીધા સિવાય તેમને ડોકટર સાથે અન્ય કોઈ વાતચીત થયેલ નથી. પોલીસે ફકત તેમનું નામ, સરનામું પૂછેલ, તે સિવાય બીજું કશું પૂછેલ નથી. આમ, ફરિયાદપક્ષનાં મહત્વનાં સાક્ષી કે જેઓ કહેવાતા બનાવનાં ફરીયાદી અને ઈજા પામનાર હોવા છતાં

પોતાના કેસને સંપૂર્ણપણે સમર્થનકારી જુબાની આપવામાં નિષ્ફળ નીવડેલ છે જેથી આરોપીઓ સામેનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૧૧૪ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

**(૧૦)** વધુમાં, આરોપીઓએ ફરિયાદીને જાહેર જગ્યા પર કોઈ ગાળો આપેલ હોય તો તે કેવા પ્રકારની ગાળો આપેલ, તેના શબ્દો શું હતા તે સંબંધે કોઈ જ પુરાવો ફરિયાદીએ આપેલ નથી. તે જોતા, ફરિયાદીનો પુરાવો વિરોધાભાસી હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદીના પુરાવા પરથી હાલના આરોપીઓ સંદર્ભે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી, ત્યારે આરોપીઓ સામેનો ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૨૯૪(ખ), ૧૧૪ મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૨૯૪(ખ), ૧૧૪ ના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી.

**(૧૧)** વધુમાં સદર કામે આંક–૧૧ થી બનાવવાળી જગ્યાનું પંચનામું અને આંક–૧૨ થી ફરિયાદી પ્રિન્સ નારણભાઈનું મેડીકલ સર્ટીફીકેટને બચાવ પક્ષની સંમતીથી આંક આપવામાં આવેલ છે, જેને ઘ્યાને લેતા બનાવવાળી જગ્યાની સ્થળ સ્થિતી તથા ફરિયાદીને ઈજા થયેલ હોવાનુ પુરવાર થાય છે. પરંતુ ફરિયાદીને આ કામના આરોપીઓએ અપશબ્દો બોલી સ્વેચ્છાપુર્વક ઈજા કરી એકબીજાની મદદગારી કરી આક્ષેપીત ગુનો કરેલ હોવાનુ પુરવાર થતુ નથી.

**(૧૨)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી, વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં, વિશેષ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં **૧૯૯૬(૯) એસ.સી.સી. ૭૬૬, સતીષ મેહરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન**

**અને બીજાઓ**ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે ''જયારે જજને ચોકકસ પણે એમ લાગે કે કેસના સંજોગોને ઘ્યાને લેતા કેસનો અંત સજામાં પરીણામશે નહી, ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીજર પુરી કરવા માટે વેડફવો નહી'' તે સિઘ્ઘાંત ઘ્યાને લેતા તેમજ બાકીના સાહેદોને ફરીયાદપક્ષ તપાસવા માંગતા નથી તે હકીકત ઘ્યાને લેતા વધારાના અન્ય સાહેદોને તપાસવાથી પણ હાલના કેસના ન્યાયીક નિર્ણયમાં કોઈ મદદરૂપ થાય તેમ ન હોય કે ન્યાયીક નિર્ણયમાં કોઈ ફેર પડે તેમ જણાતું ન હોય તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ ની જોગવાઈ તથા ફરીયાદપક્ષે આંક–૧૩ થી રજુ કરેલ પુરાવો બંધ કરવાની પુરસીસ ઘ્યાને લેતાં, હાલના કામે વધારાના સાહેદ તપાસવામાં આવેલ નથી.

(૧૩) આમ ફરિયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષે તપાસેલ ફરિયાદીના પુરાવાથી ફરિયાદમાં જણાવેલ તત્વો પુરવાર થતા નથી અને ફરિયાદની કોઈ હકીકત વાજબી શંકા રહિત રીતે ફલિત થતી નથી. જેથી ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાથી આરોપીઓને ગુન્હામાં સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય અને આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુન્હાના તત્વો ફલિત થતા ન હોય, જેથી ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા, આ કામના આરોપીઓએ ગઈ તા. ૦૧/૦૨/૨૦૨૩ના કલાક–૨૧:૩૦ ના અરસામાં આ કામના ફરિયાદીને હોડી (પિલાણું) મુકવા બાબતે જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, ફરિયાદીને શરીરે ઢીકકા પાટુનો માર મારી, મુંઢ ઈજાઓ કરી, એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ હોવાનો સબળ, શ્રેષ્ઠ, સચોટ, સમર્થનકારી, વિશ્વસનિય તેમજ કડીબઘ્ધ પુરાવો રજુ રાખી નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય **મુદ્દા નં.–૧** નો જવાબ **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.–૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

૧. આ કામના આરોપી નં.(૧) રતીલાલ ઉર્ફે જાડો ધનજીભાઈ હોદાર અને (૨) પ્રકાશ ઉર્ફે પ્રવીણ ધનજીભાઈ હોદાર, બન્ને રહે. માંગરોળ બંદર, રામ મંદિર પાસે, તા. માંગરોળ, જિ. જૂનાગઢઓને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૫(૧) મુજબ ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજ તારીખ **<u>૨૯મી</u>**, માહે **<u>જુન</u>**, સને **<u>૨૦૨૬</u>** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : માંગરોળ.**
**તારીખ : ૨૯/૦૬/૨૦૨૬.**

**(એફ. એફ. બારડોલીવાલા)**
**ત્રીજા અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**જુનાગઢ, કેમ્પ એટ માંગરોળ**
**(GJ01286)**